# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,સેક્ટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૨૨ "

**"ELEMENTARY INTERMEDIATE DRAWING GRADE EXAM-2022 "**

જાહેરનામું:-ક્રમાંક:રાપબો/ચિત્રકામ કક્ષા પરીક્ષા/૨૦૨૨/12321-411 તારીખ:૦૭/૧૨/૨૦૨૨

સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ના ઠરાવ ક્રમાંક:ચિકપ/૧૦૯૨/૨૨૬૫/ગ-૧,અન્વયે અને **૨૧/૦૯/૨૦૨૨** ના રોજ બપોરના ૪.૦૦ કલાકે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીના અધ્યક્ષ પદે ચિત્રકામ પરીક્ષા **સમિતીની** બેઠક મળેલ હતી બેઠકમાં કરેલ સુધારા મુજબ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૨૨ **નો કાર્યક્રમ નીચે** મુજબ જાહેર કરવામાં આવે છે.

આ **પરીક્ષા** માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તારીખ:૦૯/૧૨/૨૦૨૨ થી તા:30/**૧૨/૨૦૨૨ દરમિયાન ઓનલાઇન** ભરવાના રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | | તારીખ |
|---|---|---|---|
| ૧ | **જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખ** | | ૦૭/૧૨/૨૦૨૨ |
| ૨ | **www.sebexam.org** વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર અને ફી **ઓનલાઇન ભરવાનો સમયગાળો** | | ૦૯/૧૨/૨૦૨૨ થી 30/૧૨/૨૦૨૨ |
| ૩ | પરીક્ષા તારીખ | પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | હવે પછી જાહેર થશે |
| | | માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | હવે પછી જાહેર થશે |

❖ **ઉમેદવારની લાયકાત :-**

- પ્રાથમિક **ચિત્રકામ** કક્ષા પરીક્ષા:- ૫ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- માધ્યમિક **ચિત્રકામ** કક્ષા પરીક્ષા:- ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

❖ **પરીક્ષા ફી :-**

- પ્રાથમિક **ચિત્રકામ** કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
- માધ્યમિક **ચિત્રકામ** કક્ષા પરીક્ષાનીફી રૂ.૬૦/-(અંકે રૂપિયા સાઇઠ પુરા)
- સર્વિસચાર્જ **અલગથી** ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.


જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૮૧૭૩
...નું નામ: પ્રાથમિક
...: ૯-૧૨-૨૨


Scanned with CamScanner

❖ પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા અભ્યાસક્રમ

| ક્રમ | વિષય |
|---|---|
| પેપર -૧ | નેચર |
| પેપર -૨ | ભાતચિત્ર |
| પેપર -૩ | ચિત્રસંયોજન |

❖ માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા અભ્યાસક્રમ

| ક્રમ | વિષય |
|---|---|
| પેપર -૧ | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ભાતચિત્ર |
| પેપર -૩ | ચિત્રસંયોજન |
| પેપર -૪ | અક્ષરલેખન |

❖ **પરીક્ષા કેન્દ્ર:**

- જે શાળામાં પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાના કુલ ૧૦૦ કે તે કરતાં વધુ **વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાને** પરીક્ષા કેન્દ્ર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- જે શાળામાં માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના કુલ ૧૦૦ કે તે કરતાં વધુ **વિદ્યાર્થીઓ નોંધાય** તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- જે શાળામાં ૧૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાના વિદ્યાર્થીઓને **નજીકના પરીક્ષા કેન્દ્ર** અથવા આવી શાળાઓ પૈકી ભૌગોલિક સ્થિતિ ધ્યાને લઇને તે શાળાઓ પૈકી કલ્સ્ટર કક્ષાએ **કોઇ એક શાળા** ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- પરીક્ષા કેન્દ્ર નક્કી કરવા બાબતે આખરી નિર્ણય રાજ્ય પરીક્ષા બોર્ડના **અધ્યક્ષશ્રી કરશે.**

❖ **પરીક્ષાના સંચાલન અંગે:-**

- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા માટે પરીક્ષા પહેલાની અને પરીક્ષા **પછીની કામગીરી જિલ્લા** પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી હસ્તક રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષા માટે પરીક્ષા પહેલાની અને પરીક્ષા પછીની કામગીરી **જિલ્લા** શિક્ષણાધિકારીની કચેરી હસ્તક રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

❖ **ખાનગી / બહારના ઉમેદવારો માટેની લાયકાત અને પરીક્ષા ફી :-**

➢ **લાયકાત:-**

- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા આપવા માટે :- ઓછામાં ઓછુ ધોરણ ૫ થી ૮ **નો સુધીનો અભ્યાસ** કરેલો હોવો જોઇએ.
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવા માટે :-ઓછોમાં ઓછુ ધોરણ ૯ થી ૧૨ **સુધીમાં અભ્યાસ** કરેલો હોવો જોઇએ.
- બહારના ઉમેદવારો અટલે (કે જેઓ ધોરણ ૫ થી ૧૨માં શાળામાં અભ્યાસ **કરતા ન હોય)** તેવા ઉમેદવારો એ પ્રાથમિક કે માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવી હોય તેવા ઉમેદવારોએ **બહારના ઉમેદવાર** (EXTERNAL CANDIDATE) તરીકે ઉમેદવારી નોંધાવી શકશે એ માટે ઓનલાઇન ફોર્મ ભરવાની **સુવિધા** કરવામાં આવી છે.

Scanned with CamScanner

- બહારના ઉમેદવારો માટે પોસ્ટ અથવા કુરીયર દ્વારા ભરેલ ફોર્મ અને ફી સ્વીકારમાં આવશે નહી.

- પરીક્ષા ફી:-
  - પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
  - માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનીફી રૂ.૬૦/-(અંકે રૂપિયા સાઇઠ પુરા)
  - સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર તારીખ:૦૯/૧૨/૨૦૨૨(બપોરના ૧૫.૦૦) થી તારીખ:-30/૧૨/૨૦૨૨(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) દરમિયાન www.sebexam.orgપર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- ત્યાર બાદ જો પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા આપવા માગતા હોય તો "ELEMENTARY DRAWING GRADE EXAM – 2022( Std 5 to 8 ) " અથવા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવા માગતા હોય તો "INTERMEDIATE DRAWING GRADE EXAM – 2022( Std 9 to 12 ) " "Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Student Type દેખાશે, ત્યાર બાદ REGULAR CANDIDATE અને EXTERNAL CANDIDATE એવા બે option દેખાશે.જો વિદ્યાર્થી હોય તો REGULAR CANDIDATE select કરવાનું રહેશે અને ખાનગી / બહારના ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માંગતા હોય તો EXTERNAL CANDIDATE select કરવાનું રહેશે.

❖ REGULAR CANDIADTE

- વિદ્યાર્થીની વિગતો U-DISE Number ના આધારે ભરવાની રહેશે.
- શાળાની વિગતો માટે શાળાના DISE Number ના આધારે ભરવાની રહેશે.( જો જુની શાળાની વિગતો બતાવે તો જ સુધારો કરવો)
- હવે Save પર Click કરવાથી તમારો DataSave થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit અને Confirm પર Click કરો. અરજી Confirm થયા બાદ Confirm no જનરેટ થશે. જે સાચવીને તમારી પાસે save કરવાનો રહેશે.
- ત્યારબાદ online payment કરવા માગંતા હોય તો print Application ની print કાઢતા પહેલા Online Payment કરવાનું રહેશે. એકસાથે મલ્ટી પેમેન્ટ કરી શકાશે.ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા CREDIT CARD/ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.
- ત્યાર બાદ ઓનલાઇન પેમેન્ટ કરી અને Print Application From સાથે e-recepit જનરેટ થઇ જશે. જે વિદ્યાર્થીને પ્રીન્ટની જરૂર હોય તો પ્રીન્ટ કાઢવી.

Scanned with CamScanner

- **EXTERNAL CANDIDATE**

- EXTERNAL CANDIDATE પર Click કરવાથી Form નું button દેખાશે. જેના પર Click કરવાનું રહેશે.
- Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature અને કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ)પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo ,Signature અને કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ)upload કરવાના છે.
- Photo, Signature અને અને કોઇપણ એક આઇટી પ્રુફ (ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ)upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format મા15 KBમાં અને અને કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ)JPG/pdf format મા 50 KBની સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG formatમાં તમારો Photo, Signature અને અને કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ) store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Buttonને Click કરો. હવે Browse Buttonની બાજુમાં upload Button પર Click કરો.Photo, Signature અને કોઇપણ એક આઇટી પ્રુફ ત્રણેય સાથે upload કરવાના રહેશે .હવે બાજુમાં તમારો Photo , Signature અને અને કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ) દેખાશે.
- હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date select કરો. ત્યારબાદ Submit પર Click કરો. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application / Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અરજી પત્રકની પ્રિન્ટ કાઢી લેવી.(પ્રિન્ટની જરૂરિયાત હોય અને વ્યવસ્થા હોય તો પ્રિન્ટ કાઢવી અન્યથા સ્ક્રીનનો ફોટો લઈ લેવો.)

- **ફી ભરવાની રીત:**

- ત્યારબાદ ઓનલાઇન પેમેન્ટ કરવા માટે print applicationની print કાઢતા પહેલા online payment કરવાનું રહેશે. એક સાથે મલ્ટી પેમેન્ટ કરી શકાશે. ઓનલાઇન પેમેન્ટગેટ-વે દ્વારા CREDIT CARD/ATM CARD/NET BANKING/UPI થી પરીક્ષા ફી ભરી શકાશે.
- ઓનલાઈન ફી જમા કરાવવા માટે"PRINT APPLICATION" પર Click કરવું.અને વિગતો ભરવી. ત્યારબાદ ONLINE PAYMENT ઉપર ક્લીક કરવું. આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની

Scanned with CamScanner

વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઈ ગઈ છે. તેવુ SCREEN પર લખાયેલું આવશે અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રકિયામાં કોઈ ખામી હશે.તો SCREEN પર આપની ફી ભરાયેલ **નથી તેમ** જોવા મળશે.

- E-receipt મેળવવા માટે "Print Receipt" પર Click કરવું વિગતો ભરવી અને submit પર Click કરીને E-receipt મેળવી શકાશે.
- ઓનલાઈન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt જનરેટ ન થઈ હોય તો તાત્કાલિક રાજય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલ થી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>

- જિલ્લા **શિક્ષણાધિકારીશ્રી/પ્રાથમિક** શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી **પ્રાથમિક** તથા માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓમાં આ જાહેરનામાની નકલ **તારીખ:૦૯/૧૨/૨૦૨૨**સુધીમાં ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ન મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**/જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીની રહેશે.
- **વિદ્યાર્થીઓને પરીક્ષા** માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

❖ <u>આવેદન**પત્રો જમા** કરાવવા બાબત:</u>

- હવેથી **પ્રાથમિક ચિત્રકામ** પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આવેદનપત્રોની હાર્ડકોપી રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે **જમા** કરાવવાના રહેશે નહિ. જેથી ઓનલાઈન ફોર્મ ભરતી વખતે સંપૂર્ણ તકેદારી રાખવી.

❖ <u>અગત્યની **સૂચનાઓ** ::</u>

- શાળામાં **અભ્યાસ** કરતા વિદ્યાર્થીઓ External Candidate તરીકે ઉમેદવારી નોંધાવશે તો તેઓનું ફોર્મ રદ ગણાશે **જેની ફી પરત** કરવામાં આવશે નહિ.
- અરજીપત્રક **ભરવામાં** કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક **કરવો.**
- જિલ્લા **કક્ષાએથી** પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ **પરીક્ષામાં** ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિદ્યાર્થીના **હિતને** ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય **તેવા પ્રયત્નો** કરવાના રહેશે.
- <u>જો ફોર્મ ભરતી વખતે કોઈપણ વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૨૪ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.</u>

Scanned with CamScanner

* આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભુલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે નહીં આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે. સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
* નામ, અટક,જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

સ્થળ:- ગાંધીનગર
તારીખ:૦૭/૧૨/૨૦૨૨

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પરિપત્ર નં - 250

ક્રમાંક:-પ્રાથમિક/માધ્ય.ચિત્રકામ/પરીક્ષા/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૦૯/૧૨/૨૦૨૨

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ

S. B.
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી વતી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

➢ નકલ સવિનય રવાના જાણ સારૂ.

* માન.શિક્ષણમંત્રીશ્રીનાઅંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
* માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
* માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
* માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
* માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
* માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
* સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
* પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.

Scanned with CamScanner